# અરવલ્લીમાં કોરોનાની કહેર યથાવત, વધુ ૨ કેસ

## મોડાસા શહેર ૧૭ મે સુધી સંપૂર્ણ લોકડાઉન

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે, ધનસુરા તાલુકાના જૂની શિણોલ ગામની ૪૮ વર્ષીય મહિલા અને રામોસ ગામના ૧૪ વર્ષીય કિશોરનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા જીલ્લામાં કોરોનાના પોઝેટીવ દર્દીઓનો આંક ૭૪ પર પહોંચ્યો હતો. કોરોના પોઝેટીવ બંને દર્દીઓ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવે છે મોડાસા શહેરમાં ૨૪ લોકો કોરોનાથી સંક્રમિત બનતા અને મોટા ભાગના કેસ લોકલ ટ્રાન્સમિશસના હોવાનું બહાર આવતા જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે ૧૭ મે સુધી આવશ્યક ચીજવસ્તુઓની દુકાન ચાલુ રહેશે. બેંક સહીત તમામ ધંધા-રોજગાર બંધ રહેશેનું જાહેરનામું બહાર પાડ્યું છે. જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી ડૉ. અનિલ ધામેલીયા કંટેનમેન્ટ વિસ્તારની મુલાકાત લીધી હતી. નગરમાં લોકલ સંક્રમણનો ખતરો વર્તાતાં તંત્ર એલર્ટ કરાયું છે અને તકેદારીના સંપૂર્ણ પગલાં જિલ્લા કલેકટરના આદેશથી ભરવામાં આવી રહ્યા છે.



અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસના પોઝીટીવ કેસો દિનપ્રતિદિન વધારો જોવા મળી રહયો છે. શનિવારે ધનસુરા તાલુકાના બિલવણીયા ગામનો અમદાવાદથી આવેલા ૫૦ વર્ષિય આધેડ અને પુનાથી વડાગામ આવેલ ૪૬ વર્ષિય મહિલાનો કોરોનાનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યાના ૨૪ કલાકમાં અમદાવાદથી શિણોલ આવેલ ૪૮ વર્ષીય મહિલા અને ધંધુકાથી વાયા અમદાવાદ થઈ રમોસ ગામે પહોંચેલા ૧૪ વર્ષીય કિશોર કોરોનાગ્રસ્ત બનતા આરોગ્ય વિભાગ હરક્તમાં આવ્યું છે.

ધનસુરા સહિત તાલુકામાં કોરોના પોઝીટીવ કેસનો આંકડો ૫ પર પહોંચતા લોકોમાં ભય પ્રવર્તી રહ્યો છે, કોરોના પોઝેટીવ બંને દર્દીઓને સારવાર અર્થે વાત્રક કોવીડ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આરોગ્ય વિભાગની ટીમોએ ગામમાં સર્વેની કામગીરી હાથ ધરી ઈસમના પરિવારના સભ્યોને હોમ કોરોન્ટાઈન કરી ૩ કીમી એરીયાને સીલ કરી કાર્યવાહી હાથ ધરી હતી અને ગામમાં સેનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી હતી. જોકે ધનસુરા તાલુકામાં નોંધાયેલા પોઝીટીવ કેસો અમદાવાદથી આવેલા છે. ત્યારે ધનસુરા સહિત તાલુકામાં બહારથી આવતાં લોકો સંક્રમીત થતાં લોકોમાં ચિંતાની લાગણી પ્રસરી રહી છે.



### સોશિયલ ડિસ્ટન્સના ચુસ્ત પાલન, વ્યાજબી ભાવની દુકાનની સરાહનીય વ્યવસ્થા

હિંમતનાગરને અડીને આવેલ ઝહીરાબાદ વિસ્તારના કિફાયતનગર, સંજરનગર, રહેમતનગર, સતનગર, લાલપુર સહિતના વિસ્તાર માટેની પાણપુર પાટિયા ખાતે આવેલ એમ. એમ. મનસુરી સંચાલિત સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાન ઉપર કોરોનાને લઈ સોશિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તેમ જ એક પણ રાશનકાર્ડ ધારક પુરવઠાનો નિયત જથ્થો મેળવવાથી વંચિત ન રહી જાય તે માટે દુકાનના સંચાલક દ્વારા અસરકારક આયોજન કરવામાં આવ્યું છે. જેની જિલ્લા કલેકટર સી.જે. પટેલ સહિત પુરવઠાના અધિકારીઓએ સરાહના કરી છે. ૨૦૦૦ થી પણ વધુ રેશનકાર્ડ ધારકોથી જોડાયેલ આ વ્યાજબી ભાવની દુકાન ઉપર જથ્થો લેવા ભીડ ન થાય તે માટે અગાઉથી ઘઉં, ચોખા, ખાંડ અને ચણાની દાળની કીટ બનાવીને તૈયાર રાખવામાં આવે છે જેના કારણે ગ્રાહક જથ્થો લેવા માટે આવે ત્યારે તેના કાર્ડમાં એન્ટ્રી કરી રજીસ્ટરમાં નોંધ કરી જથ્થાનું વિતરણ કરવામાં આવે છે જેના કારણે ગ્રાહકનો સમય બગડતો નથી અને ભીડ પણ થતી નથી બે હજારથી વધુ રેશનકાર્ડ ધારકો હોવા છતાં આ દુકાને સોશિયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરી આસાનીથી અનાજનું વિતરણ થઈ રહ્યું છે. જિલ્લાભરમાં દુકાનની આ વ્યવસ્થાની સરાહના થઈ રહી છે.

# મહેસાણા જિલ્લાના ઉનાવા ગામે લોકડાઉનનો સખ્તાઈથી અમલ

ઊંઝા, તા. ૧૦

ઊંઝા નજીકના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ ઉનાવા ગામે કોરોના મહામારીને કારણે લોકડાઉનનો સખ્તાઈથી અમલ થતાં અત્યાર સુધીમાં જાહેરનામા ભંગના, મંજૂરી વગર બહારથી વતનમાં આવેલ માણસો વિરૂદ્ધ કેટલાયે ગુનાઓ નોંધાયા છે. જેમાં ક્યાંક પોલીસનો અતિરેક, જોહૂકમી, તોછડાઈભર્યુ વર્તન થયું હોવાની લોક ફરિયાદો ઉઠી છે. કહે છે કે કેટલાક કિસ્સામાં વેપાર, મજૂરીકામ સાથે સંકળાયેલ વ્યક્તિઓ તેમજ આસપાસના ગામોમાંથી અત્રે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ, શાકભાજી ખરીદવા આવેલ વ્યક્તિઓ પર કેસો કરીને તેઓને હેરાન પરેશાન કરવામાં આવ્યા છે. અત્રે લોકડાઉન દરમિયાન જે ગુનાઓ નોંધાયેલ છે તેમાં જામીન પર મુક્ત કરવાના, ફોટોગ્રાફ્સ પાડવાના કામે નાણાં પડાવવામાં આવ્યા હોવાના આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે. ત્યારે આમાં ખરેખર સત્ય શું છે તે અંગે રાજ્યના લાંચ રૂશ્વત વિરોધી ખાતાના ચુનંદા અધિકારી મારફતે નિષ્પક્ષ સાચી તપાસ થવી જરૂરી મનાય છે.

બીજુ વર્તમાન લોકડાઉનની સ્થિતિમાં મહદ્અંશે વેપાર, ધંધા, રોજગાર બંધ જેવી હાલતમાં છે. લોકોને જીવન જરૂરીયાતની ચીજો મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. અનાજ, કઠોળ સહિતની ચીજવસ્તુઓના ઉંચા દામ વસૂલાય છે. ત્યારે લોકડાઉન વચ્ચે દેશી વિદેશી દારૂ, જુગારની ગેરકાયદે પ્રવૃત્તિ બે રોકટોક ચાલી રહી હોવાનું લોકજીભે બોલાય છે.

### વતન પહોંચવું છે, હવે મોતની ચિંતા નથી

# અમદાવાદથી ગોરખપુર જવા શ્રમિકો પગપાળા નીકળ્યા

## શ્રમિકોને વતન મોકલવાના તંત્રના દાવા પોકળ : છેલ્લાં ત્રણ દિવસથી રાત-દિવસ જોયા વગર ૪૨ ડીગ્રી ગરમીમાં ભૂખ્યા તરસ્યા શ્રમિકો વતન ભણી

કોરોના મહામારીમાં સરકાર દ્વારા લોકડાઉન જાહેર કર્યા બાદ પ્રવાસી શ્રમિકો ચાલીસ દિવસથી પરેશાન થઈ વતનની વાટ પકડી છે, તેવામાં પ્રવાસી શ્રમિકોને તંત્ર દ્વારા વતન મોકલવાના મોટા મોટા દાવાઓ વચ્ચે અમદાવાદથી પગપાળા નીકળી જવા નીકળ્યા હતા અને શનિવાર સાંજે વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપરથી પસાર થઈ રહ્યા હતા, દરમિયાન પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે ત્રણ દિવસથી ભૂખ્યા તરસ્યા છીએ અને રસ્તામાં જમવા કે પાણીની કયાંય



વ્યવસ્થા ન હોવાને કારણે તેમજ પોલીસથી બચીને સવાસો કિલોમીટર દૂર સુધી આવ્યા છીએ હજુ વતન ઘણું દૂર છે પણ તંત્ર અમારી કોઈ વ્યવસ્થા કરતું નથી કે અમારી પાસે વાહનમાં જવા ભાડું નથી ત્યારે ગુજરાતની સંવેદનશીલ સરકાર સામે અનેક સવાલો ઉભા થાય છે કે આમ પ્રવાસી શ્રમિકોને લોકડાઉનમાં કેટલી યાતનાઓ ભોગવવી પડશે. કાળઝાળ ગરમીમાં રાત દિવસ જોયા વગર શ્રમિકો પગપાળા વતન જવા નીકળતા તેઓ માટે તંત્ર દ્વારા તાત્કાલિક વ્યવસ્થા કરાશે કે પછી મધ્યપ્રદેશની રેલ દુર્ઘટનાની જેમ ફરી એક દુર્ઘટનાની રાહ જોશે.

કેટલાક શ્રમિકો ઉત્તરપ્રદેશના ગોરખપુર જવા નીકળ્યાના દ્રશ્યો સામે આવતા સરકારની શ્રમિકો પત્યેની સંવેદનાઓ માત્ર જાહેરાત પૂરતી હોવાનું ફલિત થયુ હતું.

દેશમાં કોરોના મહામારી વચ્ચે ચાલીસ દિવસથી લોકડાઉનમાં ધંધા-રોજગાર વિના બેહાલ બનેલા અને સરકારની સહાયથી વંચિત રહેલા ગુજરાતમાં વસતા લાખો પ્રવાસી શ્રમિકો બેહાલ બન્યા છે, ત્યારે શ્રમિકોનો એક જ અવાજ સામે આવ્યો છે કે હવે 'વતન પહોંચવું છે મોતની ચિંતા નથી' અમદાવાદ તેમજ આસપાસમાં રહેતા વિસ જેટલા શ્રમિકો પગપાળા માદરે વતન ગોરખપુર (ઉત્તર પ્રદેશ)

# વડગામના જુનીસેધણીમાં પીવાના પાણીની પારાયણ

વડગામ તાલુકાના છેવાડે આવેલા જુનીસેધણી ગામમાં પીવાના પાણી માટે પારાયણ સર્જાતા ગ્રામજનોને પાણી માટે કુવે કુવે પટકવાનો વારો આવ્યો છે. વડગામ તાલુકાના જુનીસેધણી ગામમાં વર્ષોથી કુવો આવેલો છે અને આ કુવામાંથી ગ્રામજનોને પાણીનું ટાંકું ભરીને સપ્લાય કરવામાં આવી રહી છે. પરંતુ અત્યારે ઉનાળાની કાળઝાળ ગરમીમાં કુવાનું પાણી ખુટતા લોકોને પીવાના પાણી માટે મુશ્કેલી વેઠવી પડી રહી છે. પીવાના પાણીની પડતી મુશ્કેલીઓને લઈને ગ્રામજનોમા પંચાયતના સત્તાધીશો સામે રોષ પ્રગટ થઈ રહ્યો છે. ગામના લોકોને પીવાના પાણી માટે ખેતરે ખેતરે અને કુવે કુવે ભટકુ પડે છે. પંચાયતના સત્તાધીશો દ્વારા પીવાના પાણી માટેની મુશ્કેલી દુર કરવામાં આવે તેવુ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# માટલાના વેચાણમાં લગભગ ૮૦ ટકાનો ઘટાડો થતા નુકસાન જવાનો ભય



ઉનાળા ની શરૂઆત થતા લોકો ઠંડુ પાણી પીવા માટે લોકો માટલા ખરીદવા આવતા હોય છે રાજસ્થાન થી લાવી ને માટલા વેંચતા વેપારીઓ આ વખતે લોકડાઉન હોવાથી બરોબર આર્થિક ભીડ માં આવી ગયા છે લોકો પાસેથી રૂપિયા લઈ ને માટલા ખરીદી લીધા પણ લોકડાઉન વચ્ચે માટલા નું વેચાણ નિઃહવત થતા વેપારીઓની હાલત કફોડી બની ગઈ છે ગત વર્ષે આ સમયે તમામ માટલા નું વેચાણ થઈ ગયું હતું પણ આ વખતે લગભગ ૮૦ ટકા માટલા હજુ સુધી પડ્યા રહેતા વેપારીઓ માં ચિતા નો માહોલ જોવા મળી રહ્યો છે બનાસકાંઠા જિલ્લો રેડ ઝોન માં સમાવેશ થતા તંત્ર પણ કડક બન્યું છે જેના કારણે સવારે ૧૧ વાગ્યા થી બજારો બંધ થઈ જાય છે અને લોકો ની અવરજવર પણ બંધ થતાં વેચાણ બંધ કરવામાં આવે છે આવી પરિસ્થિતિ માં પણ વેપારીઓ ઉત્સાહ થી લોકડાઉન નું પાલન કરી રહ્યા છે મોં પર માસ્ક બાંધે છે.અને સોસીયલ ડિસ્ટન રાખી ને વેપાર કરતા વેપારીઓ ખરેખર કોરોના વાયરશ બાબતે જાગૃત હોવાનો અહેસાસ કરાવી જાય છે.

# કર્ણાટકથી બે જમાત પરત ફરી

## વડગામ તાલુકામાં બહારથી આવેલા ૧૭૬ લોકોને કોરેન્ટાઇન કરાયા : કોરોનાગ્રસ્ત શહેરોમાંથી આવતાં લોકોને લઈ તાલુકા વાસીઓમાં ડરનો માહોલ



મુંબઈ સહિત ગુજરાત ના વિવિધ શહેરો માં વસતા ૧૭૬ લોકો માદરે વતન પરત ફરતા તંત્ર દ્વારા તમામ ની મેડિકલ તપાસ કરી પોલીસ જાપ્તા સાથે ગામ માં આવેલ પ્રાથમિક શાળાઓ માં કોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા.

કોરોના મહામારી અંતર્ગત સ્થાનીય તંત્રની પરમિશન મેળવી મુંબઈ, સુરત, બરોડા, અમદાવાદ સહિતના શહેરોમાંથી વડગામ તાલુકાના વિવિધ ગામોમાં પરત ફરેલા કુલ ૧૭૬ લોકોને પોલીસ જાપ્તામાં મેડિકલ ચેકઅપ કરાવી જેતે ગામમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં આરોગ્ય વિભાગ દ્વારા કોરેન્ટાઈન કરવામાં આવ્યા હતા દરમીયાન આરોગ્ય અધિકારી ડો. પ્રકાશ ચૌધરી એ જણાવ્યું હતું કે તમામ લોકોને ૧૪ દિવસ સુધી કોરેન્ટાઈનમાં રાખવામાં આવશે જ્યારે જરૂર જણાશે તો કોવિડ - ૧૯નો ટેસ્ટ કરાવવામાં આવશે હજુ પણ અન્ય શહેરોમાંથી મોટી સંખ્યામાં લોકો તાલુકામાં આવી રહ્યા હોવાનું સૂત્રો દ્વારા જાણકારી મળી રહી છે જેથી મેડિકલ ટીમો આ તમામ લોકોનું ચેકઅપ કરી ૧૪ દિવસ કોરેન્ટાઈન કરવાની વ્યવસ્થા સ્થાનિક તંત્રની મદદથી કરી રહી છે.

# ડીસા તાલુકા પોલીસે ૧૯ લાખનો તમાકુનો જથ્થો ઝડપ્યો

## નાકાબંધી વચ્ચે અમદાવાદથી તમાકુ આવતા અનેક તર્કવિતર્ક : થરાદથી ભાજપના નેતાઓ જયેશના બચાવમાં દોડી આવ્યા

ડીસા, તા. ૧૦

લોકડાઉન વચ્ચે તમાકુ અને ગુટકાની મોટાપાયે ઠેરઠેર થઈ રહી છે. સતત બે મહિનાથી લોકડાઉન રહેતા અત્યારે તમાકુને ગુટખાનું સેવન કરતા લોકો બમણાં ભાવે ખરીદી કરી રહ્યા છે. જેના પગલે તમાકુ અને ગુટકાનું વેચાણ કરતાં વેપારીઓ ગેરકાયદેસર રીતે તમાકુ અને ગુટકાની હેરફેર કરતા સામે આવ્યા છે. ડીસા રૂરલ પોલીસ સ્ટેશને ૧૯ લાખ કરતાં વધુનો તમાકુ અને ગુટકાનો મુદ્દામાલ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



બનાસકાંઠા જિલ્લામાં મોટાપાયે તમાકુ અને ગુટકાની ગેરકાયદેસર રીતે હેરફેર થઈ રહી છે. લોકડાઉન થતાં અત્યારે મોટાભાગના પાનબીડી મસાલાના બંધ છે. ત્યારે ચોરીછુપે ગુટખાનું વેચાણ હજુ પણ યથાવત છે. ગુટકા અને તમાકુની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા માટે પોલીસ સતર્ક બની છે. જેના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લાના ડીસા રૂરલ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી પોલીસે અમદાવાદથી થરાદ જતી ટ્રક ગાડી નંબર આરજે-૦૪-જીએ-૩૩૭૧ રોકાવી ચાલક હરિશરામ માનારામ જાટ રહે. બેડીયા સાંચોર રાજસ્થાનની પૂછતાછ કરતા ગલ્લાતલ્લા કરવા લાગેલ જેથી પોલીસે ગાડીની તલાસી લેતા ગાડીમાંથી ૨૦ બોરા મળી આવેલા જે ખોલતા તેમાંથી પ્રતિબંધિત તમાકુ અને ગુટખા, પાનમસાલા મળી આવેલ જેની કિંમત રૂ. ૯.૧૮ લાખથી વધુના માલ તેમજ રૂ ૧૦ લાખની ગાડી મળી કુલ રૂ ૧૯.૧૮ લાખનો મુદ્દામાલ ઝડપી પાડેલ જોકે આ માલ થરાદના તમાકુના વેપારી જયેશ મહેશ્વરીને ત્યાં થરાદ ખાતે જતો હોવાનું પોલીસને માહિતી મળી છે. અત્યારે પોલીસે ટ્રક મુદ્દામાલ તેમજ આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બાબતે ડીસા નાયબ પોલીસ અધિક્ષક ડૉ. કુશલ ઓઝાએ જણાવ્યું હતું કે લોકડાઉન વચ્ચે ગેરકાયદેસર ગુટખા તમાકુનું વેચાણ કરતા લોકોને પોલીસે ઝડપી પાડ્યા છે અને આ માલ ક્યાંથી લવાયો છે અને ક્યાં જઈ રહ્યો છે તેની તપાસ રૂલર પોલીસ ચલાવી રહી છે.

ડીસા તાલુકા પી.આઈ. એમ.જે. ચૌધરી અને તેમની ટીમે વહેલી સવારે આ મુદ્દામાલ જડપી પાડી પ્રતિબંધિત ગુટખાનો પર્દાફાશ કરેલ જ્યારે બનાસકાંઠા જિલ્લો રાજસ્થાનને અડીને આવેલો છે. આ વિસ્તારમાં તમાકુ ગુટકાની મોટી માંગ છે. લોકડાઉન થતાં મોટા ભાગના વેપારીઓ બમણી કિંમતે અત્યારે ગુટકા અને તમાકુ વેચાણ કરી રહ્યા છે. જેનો લાભ લઈ વેપારીઓ અત્યારે રાતના અંધારામાં ગુટકા અને તમાકુની હેરાફેરી કરી રહ્યા છે. ડીસા રૂરલ પોલીસે ૧૯.૧૮ લાખના મુદ્દામાલ ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોડાસા ટાઉન પોલીસે લીમડા તળાવ પાસેથી ટીઆગો કારમાંથી ૨૬ કિલો સોપારીનો જથ્થો જપ્ત કર્યો

મોડાસા, તા. ૧૦

કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા માટે સમગ્ર દેશમાં ગત તા.૨૫ માર્ચથી સતત લોકડાઉન ચાલી રહ્યું છે. આવશ્યક ચીજવસ્તુઓના ભાવોમાં તો વધારો થયો છે પરંતુ પાન, મસાલા, સિગારેટના અને સોપારી, તામુકાના ડબ્બાઓના ભાવમાં ત્રણથી ચાર ગણો વધારો થઈ ગયો છે. મોડાસા શહેરમા બે થી ત્રણ બની બેઠેલા બાતમીદારો લઘુમતી વિસ્તારમાં પાન-મસાલા, ગુટખા, સોપારી વેંચતા નાના-મોટા વેપારીઓની બાતમી આપતા બાતમીદારો સાથે સાંઠગાંઠ ધરાવતા કેટલાક પોલીસકર્મીઓ વેપારી કે પાનના ગલ્લાધારક પાસે પહોંચી કાયદાનો ડર બતાવી રૂપિયા ખંખેરી લેતા હોવાની અને બાતમીદારો વેપારી પાસેથી માલ પડાવી લઈ બારોબાર વેપલો કરી તગડો નફો રળી રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

મોડાસા શહેરમાં સોપારીનો ગેરકાયદેસર વેપલો મોટા પ્રમાણમાં ચાલી રહ્યો છે રાત પડતાની સાથે અનેક લોકો પોલીસની આંખ નીચે વિવિધ વાહનો મારફતે અરવલ્લી સહીત અન્ય જિલ્લામાં સોપારીનો ગેરકાયદેસર વેપલો કરી રહ્યા છે. મોડાસા ટાઉન પોલીસે લીમડા તળાવ નજીકથી બાતમીના આધારે પસાર થતી ટીઆગો કાર (ગાડી.નં-જીજે-૧૮બીએચ-૭૮૦૬)ને અટકાવી તલાસી લેતા કારમાંથી સોપારી ટુકડા કી.ગ્રા.૨૬ કીં. રૂ.૧૦૪૦૦ના જથ્થા સાથે મોહમ્મદ સલીમ મુસાભાઈ બાયડીયા (રહે, ઘાંચીવાડા, મોડાસા)ને દબોચી હતો. મોડાસા ટાઉન પોલીસે મોહમ્મદ સલીમ મુસાભાઈ બાયડીયા (રહે, ઘાંચીવાડા, મોડાસા) વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.